રિઈન્ફોર્સમેન્ટ: મિલિટરી જીતનો માસ્ટરપ્લાન

સમય કોઈ પણ હોય, પરિસ્થિતિ કોઈ પણ હોય, સંજોગો ગમે તે હોય, પોતાની શક્તિના યોગ્ય સંકલનથી, બેકઅપ અને રિઇન્ફોર્સમેન્ટથી ભારતીય લશ્કર ગમે તેવા લશ્કરી અને બિનલશ્કરી પ્રકારના ઓપરેશન પાર પાડવા સક્ષમ તો છે જ!

બોર્ડર
કેપ્ટન શૂરવીર સિંહ

હમણાં જ 15મી મે 2026ના રોજ ઈન્ટરનેશનલ ફેમિલી ડે ગયો. પ્રોફેશનલી આપણે કોઈ પણ ક્ષેત્રમાં કાર્યરત હોઈએ પણ છેવટે આપણે આ બધું ફેમિલી માટે કરતા હોઈએ છીએ. એ રીતે જોતાં આપણું ફેમિલી આપણી સ્ટ્રોંગેસ્ટ બેકઅપ સિસ્ટમ છે. આ જ બાબત લશ્કર અને લશ્કરી જવાનોને પણ ચોક્કસ લાગુ પડે અને વળી, તેમને તો આ કોન્સેપ્ટ સૌથી વધુ લાગુ પડે કારણ કે તેમના કુટુંબના સભ્યો ખરા અર્થમાં તેમની સ્ટ્રોંગેસ્ટ બેકઅપ સિસ્ટમ બની રહે છે તેથી જ તેઓ બોર્ડર પર નિર્ભયપણે પોતાની ફરજ બજાવી શકે છે. હવે આ જ બાબતને સક્રિય લશ્કરી જીવન પર લાગુ પાડીને જોઈએ અને એ દષ્ટિએ બહુ દૂર ન જતાં માત્ર ભારતનો આઝાદી પછીનો આજ સુધીનો લશ્કરી ઈતિહાસ તપાસીએ તો પણ આવાં ઘણાં ઉદાહરણો મળી રહે છે. અહીં ભારતીય લશ્કર દ્વારા આ જ રીતે બેકઅપ અને રિઈન્ફોર્સમેન્ટ થકી સફળતાપૂર્વક પાર પાડવામાં આવેલાં મિલિટરી ઓપરેશન્સની વાત કરી છે.

ઓપરેશન વિજય અને ઓપરેશન સફેદ સાગર (કારગિલ વૉર, 1999): કારગિલના પહાડી પ્રદેશમાં અંદાજે 16000 થી 18000 ફૂટની ઊંચાઈએ ઓપરેશન વિજય હાથ ધરાયું હોવાથી એમાં મોટા પ્રમાણમાં બેકઅપ અને રિઈન્ફોર્સમેન્ટની જરૂર પડે એ સમજી શકાય તેવું છે. એટલે જ આરંભના તબક્કે જ આ પહાડી મોરચે આર્મીના 2 ડિવિઝન્સ જેટલા એટલે કે લગભગ 2,00,000 જવાનો તૈનાત કરાયા હતા. એ પછીના તબક્કે બેકઅપ તરીકે આર્ટિલરી સાથે તેમજ એરફોર્સ સાથે કોઓર્ડિનેશન કરીને એ રિઈન્ફોર્સમેન્ટ થકી તોલોલિંગ અને ટાઈગર હિલ જેવી ચાવીરૂપ પહાડીઓ પુનઃ કબજે કરીને આખા ઓપરેશનનું પાસું પલટી નાખવામાં આવ્યું હતું. હવે તો આ જાણીતો ઈતિહાસ છે.

ઓપરેશન મેઘદૂત(સિયાચીન ગ્લેશિયર, 1987): સિયાચીનનો લશ્કરી મોરચો વિશ્વનો સૌથી ઊંચો અને એટલે જ લશ્કરી દષ્ટિએ સૌથી દુર્ગમ મોરચો ગણાય છે પણ જાણવા જેવી વાત એ છે કે 1984ના આ ઓપરેશન મેઘદૂત અગાઉ આ લશ્કરી મોરચાનું કોઈ સત્તાવાર અસ્તિત્વ નહોતું. જોકે આ જ બાબતનો પાકિસ્તાન જેવા તોફાની પાડોશીઓ લાભ લેતા રહ્યા હતા. 1984માં પણ તેમણે આવો જ એક પ્રયાસ કર્યો હતો, જે ઈન્ડિયન આર્મીએ ઈન્ડિયન એરફોર્સ સાથેના સંકલન અને એટલે જ એરફોર્સના હેલિકોપ્ટર્સના મજબૂત બેકઅપ થકી આ વિસ્તારને પાકિસ્તાનના હાથમાં જવા દીધો નહોતો અને અહીં એક કાયમી લશ્કરી મોરચો ઊભો કર્યો હતો. ઓપરેશન કેક્ટસ લીલી(બાંગ્લાદેશ લિબરેશન વૉર, 1971): બેકઅપ, રિઈન્ફોર્સમેન્ટ અને કોઓર્ડિનેશનના માસ્સ્ટરપીસ સમા યુદ્ધ-71નો ઈતિહાસ તો હવે ઘણો જાણીતો છે. આ અંગેની જે બાબત પ્રમાણમાં ઓછી જાણીતી છે તે એ છે કે ખરેખર તો આ આખી લશ્કરી કાર્યવાહી એક મિલિટરી ઓપરેશન તરીકે શરૂ થઈ હતી, જેનું નામ હતું, ઓપરેશન કેક્ટસ લીલી.

ઓપરેશન કેક્ટસઃ (માલદીવ્સ, 1988): 1988માં માલદીવ્સની તત્કાલીન સરકાર સામેના બળવાને નિષ્ફળ કરવાના હેતુથી ભારત દ્વારા હાથ ધરાયેલા આ લશ્કરી મિશનમાં ઈન્ડિયન આર્મી અને ઈન્ડિયન એરફોર્સની સંકલિત કવાયત થકી સમયસર એરફોર્સના મળેલા બેકઅપ અને રિઈન્ફોર્સમેન્ટથી અણીના સમયે બળવો નિષ્ફળ બનાવીને માલદીવ્સની તત્કાલીન સરકાર બચાવી લેવામાં આવી હતી. આમ, ઓપરેશન કેક્ટસ થકી ભારતે આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાની વ્યૂહાત્મક સૂઝ અને લશ્કરી તાકાત બંને એકસાથે પુરવાર કર્યાં હતાં.

ઓપરેશન પોલો(હૈદરાબાદ, 1948): આઝાદી પછી તરતના સમયમાં રજવાડાંના વિલીનીકરણની પ્રક્રિયા દરમ્યાન સરદાર પટેલ દેશના રિયાસત ખાતા ઉપરાંત દેશના ગૃહમંત્રી તરીકેની જવાબદારી પણ સંભાળતા હતા ત્યારે તેમની સીધી દોરવણી હેઠળ હૈદરાબાદને ભારતમાં ભેળવવા માટે છેલ્લા વિકલ્પ તરીકે હાથ ધરાયેલી આ લશ્કરી કાર્યવાહી દેશના ઈતિહાસમાં આજે પણ 'હૈદરાબાદ સામેના પોલીસ પગલા'તરીકે જાણીતી છે. હકીકતમાં આ સમગ્ર કાર્યવાહી લશ્કરે ગજબના આંતરિક સંકલન થકી માત્ર 108 કલાકમાં એટલે કે લગભગ 4.5 દિવસમાં સફળતાપૂર્વક પાર પાડી હતી, જેના પરિણામે હૈદરાબાદ ભારતનો હિસ્સો બન્યું હતું.

આ ઉપરાંત આ યાદીમાં 2016ની સર્જિકલ સ્ટ્રાઈક, 1987નું શ્રીલંકામાં LTTE વિરુદ્ધ મૂળભૂત રીતે એક શાંતિકેન્દ્રી મિશન તરીકે હાથ ધરાયેલું પણ પછી છેવટે હિંસક બની ગયેલું ઓપરેશન પવન, 1984નું ઓપરેશન બ્લ્યૂ સ્ટાર, 1986થી 1988 દરમ્યાનનું ઓપરેશન બ્લેક થન્ડર, 2008નું ઓપરેશન બ્લેક ટોર્નેડો વગેરેનો પણ સમાવેશ થાય છે.

કુદરતી આપત્તિઓ સમયે માનવતાના ધોરણે સંયોજિત રીતે અને બેકઅપ થકી થયેલાં સફળ લશ્કરી સહાયનાં ઓપરેશન્સ

ભારતીય લશ્કર યોગ્ય સંકલન, બેકઅપ અને રિઇન્ફોર્સમેન્ટ થકી સરહદના રક્ષણ માટેની ઝડપી લશ્કરી કાર્યવાહી પાર પાડે છે તેમ આંતરરાષ્ટ્રીય સ્તરે માનવતાના ધોરણે રાહતકાર્યોના રિલીફ મિશન્સ પણ હાથ ધરે છે. છેલ્લા લગભગ એકાદ દાયકા પર નજર કરીએ તો આ પ્રકારના ઓપરેશન્સ નેપાળ, યમન અને યુક્રેનમાં હાથ ધરવામાં આવી ચૂક્યા છે. 2015માં નેપાળમાં હાથ ધરાયેલા આ પ્રકારના ઓપરેશનનું નામ છે, ઓપરેશન મૈત્રી, આ જ રીતે 2015માં જ યમનમાં હાથ ધરાયેલા ઓપરેશનનું નામ છે, ઓપરેશન રાહત, જ્યારે આ જ રીતે 2022માં રશિયા યુક્રેન યુદ્ધની શરૂઆતમાં ભારત દ્વારા હાથ ધરાયેલા આ પ્રકારના ઓપરેશનનું નામ છે, ઓપરેશન ગંગા. ટૂંકમાં, એમ કહી શકાય કે સમય કોઈ પણ હોય, પરિસ્થિતિ કોઈ પણ હોય, સંજોગો ગમે તે હોય, પોતાની શક્તિના યોગ્ય સંકલનથી, બેકઅપ અને રિઇન્ફોર્સમેન્ટથી ભારતીય લશ્કર ગમે તેવા લશ્કરી અને બિનલશ્કરી પ્રકારના ઓપરેશન પાર પાર પાડવા સક્ષમ તો છે જ, એટલું જ નહીં, સંપૂર્ણપણે તૈયાર પણ હોય છે.



રણવીર સિંહની 'ધુરંધર 3' બનવી જોઈએ કે નહીં?

ફિલ્મોગ્રાફ
રાકેશ ઠક્કર

આ સપ્તાહે બોક્સ ઓફિસ પર રણવીર સિંહે 'ધુરંધર' ફ્રેન્ચાઈઝીની મદદથી એક નવો ઈતિહાસ રચી દીધો છે. રણવીર કોવિડ પછીના સમયગાળામાં વૈશ્વિક સ્તરે રૂ.3700 કરોડથી વધુની કમાણી કરનાર પ્રથમ ભારતીય પુરુષ અભિનેતા બની ગયો છે. આ આંકડામાં તેની છેલ્લી ૬ ફિલ્મોનું કલેક્શન સામેલ છે, એમાં ધુરંધર (2025)ના રૂ.1354 કરોડ અને 'ધુરંધર 2' ના 55 દિવસના રૂ.1834 કરોડ છે. ફિલ્મ હજુ થિયેટરોમાં ચાલુ છે. આ સિદ્ધિ સાથે રણવીરે શાહરૂખ ખાન (રૂ.2704 કરોડ) અને પ્રભાસ (રૂ.2393 કરોડ) જેવા દિગ્ગજ કલાકારોને પાછળ છોડી દીધા છે. તેની આ સફરમાં 'ધુરંધર' ઉપરાંત રોકી ઔર રાની કી પ્રેમ કહાની (રૂ.349 કરોડ) 83 (રૂ.184 કરોડ) સર્કસ (રૂ.40 કરોડ) અને જયેશભાઈ જોરદાર (રૂ.24 કરોડ) જેવી ફિલ્મોએ પણ ફાળો આપ્યો છે. રણવીરનું આ કમબેક અને 'ધુરંધર'નું સર્જાયેલું તોફાન એ ભારતીય સિનેમા માટે એક મોટો કેસ સ્ટડી છે.

ધુરંધર'ની સફળતાનું એક રહસ્ય એ છે કે રણવીરે પિત્ઝા ખાતા દર્શકો અને પાન-મસાલા ખાતા દર્શકો એમ બંનેને એકસાથે થિયેટરમાં લાવી દીધા. હવે જ્યારે નિર્માતા ત્રીજા ભાગની વાત કરે છે ત્યારે તેમની હાલત એવી છે કે 'સિંહની સવારી કરી તો લીધી પણ હવે ઊતરવું કઈ રીતે?'

2023-24નો એ સમય યાદ કરીએ તો રણવીરની 'જયેશભાઈ જોરદાર' અને 'સર્કસ' જેવી ફિલ્મો બોક્સ ઓફિસ પર શાંત પડી ગઈ હતી. ટીકાકારો કહેવા લાગ્યા હતા કે, 'રણવીરનો ક્રેઝ પૂરો થયો' પરંતુ રણવીરે પોતાની એનર્જીને ખોટી જગ્યાએ વેડફવાને બદલે નિર્દેશક આદિત્ય ધર સાથે મળીને 'ધુરંધર'માં એવા પાત્ર પર કામ કર્યું જે માત્ર એક્શન નથી કરતું પણ સમાજ સાથે જોડાયેલું છે. આ 'સોશિયલ-એક્શન' ફોર્મ્યુલાએ જાદુ કર્યો. 'ધુરંધર'ની સફળતાનું એક રહસ્ય એ છે કે રણવીરે પિત્ઝા ખાતા દર્શકો અને પાન-મસાલા ખાતા દર્શકો એમ બંનેને એકસાથે થિયેટરમાં લાવી દીધા. હવે જ્યારે નિર્માતા ત્રીજા ભાગની વાત કરે છે ત્યારે તેમની હાલત એવી છે કે 'સિંહની સવારી કરી તો લીધી પણ હવે ઊતરવું કઈ રીતે?' રૂ.3700 કરોડ પછી દુનિયાની નજર રૂ.5000 કરોડ પર હશે.

આ માત્ર એક આંકડો નથી મનોવૈજ્ઞાનિક દબાણ છે. 'ધુરંધર ૨' ના ક્લાઈમેક્સ પછી હવે શું? જો ફરી એ જ જૂની વાર્તા લાવશે તો લોકો કહેશે 'હવે બસ કરો.' લેખકોએ હવે કંઈક એવું વિચારવું પડશે જે 'ધુરંધર 1 અને 2' થી સાવ અલગ હોય છતાં એ જ આત્મા જળવાઈ રહે. રણવીર અત્યારે કોઈ બીજા સુપરસ્ટાર સાથે નહીં પોતાના જ રેકોર્ડ્સ સાથે લડી રહ્યો છે. ફિલ્મની સહ નિર્માત્રી જ્યોતિ દેશપાંડેએ હાલમાં એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું છે કે 'ધુરંધર' સાથેની સફર હજુ પૂરી નથી થઈ. એવો પણ સંકેત આપ્યો છે કે આ વર્ષના અંત સુધીમાં દર્શકો માટે એક મોટી સરપ્રાઈઝ આવી શકે છે. અલબત્ત હજુ એ સ્પષ્ટ નથી કર્યું કે આ 'ધુરંધર ૩' જ હશે કે સીરીઝની કોઈ અન્ય સ્પિન-ઓફ ફિલ્મ કે પ્રોજેક્ટ હશે.

જો કે, ફેન્સ તેને ત્રીજા ભાગ તરીકે જ જોઈ રહ્યા છે. કેટલાક સમીક્ષકો કહે છે કે તે 'ધુરંધર'ના હેંગઓવરમાંથી માંડ બહાર આવ્યા છે. હવે આ ફિલ્મનો નવો ભાગ બનાવવાની જરૂર નથી. તે માને છે કે જો આ સીરીઝને યાદગાર બનાવી રાખવી હોય તો તેને અહીં જ અટકાવી દેવી જોઈએ.

કોઈપણ સુપરહિટ ફિલ્મ ફ્રેન્ચાઈઝીને યોગ્ય સમયે અટકાવી દેવી કે તેને આગળ ધપાવવી એ ફિલ્મ જગતમાં હંમેશા ચર્ચાનો વિષય રહ્યો છે. 'ધુરંધર'ના પ્રથમ બે ભાગોએ વાર્તા અને પાત્રોની જે ઊંચાઈ સ્થાપિત કરી છે તેને જાળવી રાખવી પડકારજનક છે. ઘણીવાર વધુ પડતા ભાગો બનાવવાથી વાર્તા નબળી પડે છે અને પ્રેક્ષકોનો ઉત્સાહ ઓછો થઈ જાય છે. જે ફિલ્મો ટોચ પર હોય ત્યારે જ અટકી જાય છે તે લોકોના મનમાં કાયમ શ્રેષ્ઠ તરીકે યાદ રહી જાય છે. જો ત્રીજો ભાગ નબળો સાબિત થાય તો તે આખી સીરીઝની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડી શકે છે.

જ્યારે કોઈ પાત્ર કે વાર્તા તેના સર્વોચ્ચ શિખરે હોય ત્યારે તેને વિરામ આપવો એ કલાત્મક રીતે સાચો નિર્ણય હોઈ શકે છે. જો 'ધુરંધર ૩' બને અને એમાં કોઈ નવું અને મજબૂત તત્ત્વ ના હોય તો એક વ્યાવસાયિક સાહસ બનીને રહી જશે. 'ધુરંધર ૩' જેવી મેગા-બજેટ ફિલ્મ જો બને તો તેનાથી ફિલ્મ ઉદ્યોગના અલગ-અલગ પક્ષો પર તેની વ્યાપક અસરો પડી શકે છે. અગાઉના બે ભાગની સફળતાને કારણે બ્રાન્ડ વેલ્યુ ખૂબ ઊંચી છે. એડવાન્સ બુકિંગ અને OTT રાઈટ્સ દ્વારા જ ફિલ્મ રિલીઝ પહેલા નફો કરી શકે છે. અપેક્ષાઓનું ભારે દબાણ હોવાથી વાર્તા જરા પણ નબળી પડી તો રોકાણ મોટું હોવાથી મોટું આર્થિક જોખમ રહેલું છે.

વળી નબળો પ્રતિસાદ આખી ફ્રેન્ચાઈઝીની પ્રતિષ્ઠા બગાડી શકે છે. રણવીર માટે આ ફિલ્મ તેની કારકિર્દીને એક એવી ઊંચાઈ પર લઈ જઈ શકે જ્યાં તે વૈશ્વિક સ્તરે મોટો સ્ટાર બની જાય અને બોક્સ ઓફિસ પર તેની પકડ વધુ મજબૂત થાય. એ સાથે ટાઈપકાસ્ટ થવાનો ભય છે. સતત એક જ પ્રકારના એક્શન રોલમાં દેખાય તો કલાકાર તરીકે તેની વિવિધતા જોખમાઈ શકે છે. ટૂંકમાં 'ધુરંધર 3' એ એક બેધારી તલવાર જેવી છે. તે વ્યાવસાયિક રીતે સોનાની ખાણ સાબિત થઈ શકે છે પણ જો કલાત્મક રીતે નબળી રહી તો ખેંચાયેલી વાર્તા બનીને રહી જશે. ફિલ્મી દુનિયામાં આવી ઘણી ફ્રેન્ચાઈઝી છે જેમના પ્રથમ બે ભાગોએ ઈતિહાસ રચ્યો પણ પછી આગળ ના ચાલી. રેસ, ધૂમ વગેરેની ત્રીજા ભાગ સુધી પહોંચતા વાર્તા નબળી પડી ગઈ હતી અથવા પ્રેક્ષકોમાં તેનો ક્રેઝ ઓછો થઈ ગયો હતો. તેથી એ ઉદાહરણો ધ્યાનમાં રાખવા પડશે.

ઓટોગ્રાફ!

તબ્બુએ તાજેતરમાં કહ્યું કે ફિલ્મોમાં સ્ત્રીઓની ઉંમર પર વધુ નજર રખાય છે. (સાચી વાત છે, અહીં હીરો 60 વર્ષે પણ કોલેજ જતો હોય છે અને હીરોઈન ૨૫ વર્ષે 'ભાભી' કે 'મા'ના રોલમાં આવી જાય છે!)

માસ્તર છે કે નહીં?

જીવન સરિતાને તીરે
દિનેશ પાંચાલ

'ગુજરાતમિત્ર' માટે દર રવિવારે જીવન સરિતાનો વિષય શોધવાનું થોડું મુશ્કેલ બની રહે છે. અમે એવા અધકચરા આસ્તિક છીએ કે અમારી અંદર જ ક્યારેક ઈશ્વરની હયાતિ અને બિન હયાતિ અંગે દ્વિપાંખીયો જંગ જાગે છે. ખૂબ વિચાર્યા પછી અમારા અંતરની અદાલત એક ચૂકાદો આપે છે: કે ઈશ્વરને ભજવા ન ભજવા કરતાં ઈશ્વરને સમજવાનું ભલે મુશ્કેલ હોય પણ માણસ આ દુનિયામાં કેવી માનવતાથી જીવે છે તે વધારે મહત્ત્વનું છે. ક્યારેક તો એવા અંતિમવાદી બનીને મિત્રોને કહી દેવાય છે કે: "માણસ ઈશ્વરને ભજે કે ન ભજે પણ પૂરી માનવતાથી જીવતો હોય તો ઈશ્વર ન હોય તો પણ કશો ફરક પડવાનો નથી. સાચી વાત એટલી જ કે માણસ હંમેશાં ભલાઈના કામો કરતો હોય અને બૂરાઈથી દૂર રહેતો હોય તો માત્ર તે જ નહીં આખી દુનિયા સુખી થઈ શકે. અર્થાત્ દુનિયામાં ઈશ્વરના હોવા ન હોવા કરતાં માણસમાં માનવતાનું હોવું બહુ જરૂરી છે. એ સંદર્ભે એક સત્ય ઘટનાનું સ્મરણ થાય છે. નવસારીના પત્રકાર શ્રી ચંદ્રકાન્ત પંડ્યાના નિધન બાદ તેમના પરિવારે એક પણ મરણોત્તર કર્મકાંડ કરાવ્યો ન હતો, ઉપરથી સ્કૂલો અને બ્લડબેંકો જેવી સેવાભાવી સંસ્થાઓને બહુ મોટી રકમનું દાન આપ્યું હતું. એમના માતુશ્રી મૃત્યુ પામ્યા ત્યારે પણ એમણે મરણોત્તર કર્મકાંડ કરાવ્યો ન હતો. બલ્કે સ્કૂલ કોલેજોને બે લાખનું માતબર દાન આપ્યું હતું. અહીં એ વિચારવું રહ્યું કે એક બ્રાહ્મણ કુટુંબ આટલું સુંદર રેશનલ જીવન જીવ્યા બાદ આજીવન ભગવાનમાં માનતું રહે તો એમાં રેશનાલિઝમનો વાળ પણ વાંકો થવાનો નથી. સુરતના એક મિત્ર પૂરા નાસ્તિક છે. પણ ક્યારેક કોઈનો ફોન આવે અથવા મિત્રો મળવા આવે ત્યારે સંસ્કારગત આદત મુજબ "જય શ્રી કૃષ્ણ" બોલે છે. પણ બીજી તરફ એ મહાશય સાહિત્યની અને સમાજના દલિતોની સેવા કરે છે. તદુપરાંત અંધશ્રદ્ધાનો પણ સખત વિરોધ કરે છે. એ વિચારો કે આટલી સારી પ્રવૃત્તિ કર્યા બાદ તેઓ આદતવશ "જે શ્રી કૃષ્ણ" બોલતા હોય તો એમા રેશનાલિઝમને ક્યાં નુકસાન છે?



તાત્પર્ય એટલું જ કે શ્રદ્ધાળુઓની વસ્તીમાં ઈશ્વરનો ખુલ્લે આમ વિરોધ કરવાથી રેશનાલિઝમને ફલાણુ કે ઢીકણુ નુકસાન થશે એ વાત જરાય સાચી નથી. નાસ્તિકો ઈશ્વરનો ખુલ્લે આમ વિરોધ કરે છે છતાં નાસ્તિક્તાને જરાય વાંધો આવતો નથી. પેલા વિચિત્ર નાસ્તિક્તા ધરાવતા માણસની વાત કરીએ તો તેઓ માને છે કે : લોકો ઈશ્વરને માને કે ન માને પણ બીજી અનેક અંધશ્રદ્ધાઓમાંથી મુક્ત થાય, તો એ રેશનાલિઝમની વિધાયક ફલશ્રુતિ ગણાય. તાત્પર્ય એટલું જ કે રેશનાલિસ્ટોએ નક્કી કરવું જોઈએ કે તેઓ આખરે શું ઈચ્છે છે? અર્થાત્ તેમને કેવા અભિગમમાં રેશનાલિઝમનું કલ્યાણ દેખાય છે? - તેજાબી કહી શકાય એવા સુચારૂ નાસ્તિકવાદમાં કે વ્યવહારુ બુદ્ધિવાદમાં..??

દોસ્તો, આપ શું માનો છો તે અમે જાણતા નથી પણ લાખ વાતની એક વાત એ કે માણસ ઈશ્વરને માને યા ભજે કે ના ભજે પણ દુનિયાનું કલ્યાણ એ વાતમાં છે કે ઈશ્વરના અસ્તિત્વ અંગે આવી નિરર્થક ચાવાચીવી કરવાને બદલે પ્રત્યેક માણસ ઈશ્વરના સાચો રાજીપો શેમાં છે તે અંગે વિચારે તો ઈશ્વર હોય કે ન હોય સમગ્ર માનવજાતનું અવશ્ય કલ્યાણ થઈ શકે. એક પ્રશ્ન પર વિચારવાનું જરૂરી બની રહે છે કે અણુશક્તિનો માનવ કલ્યાણાર્થે સદુપયોગ કરવો જોઈએ કે દૂરુપયોગ તે વાતમાં રેશનાલિઝમનો ફાયદો કે ગેરફાયદો છે. જેમકે જે દિવસે પ્રત્યેક માનવીના રૂંવે રૂંવે માનવતા ફૂટી નીકળશે તે દિવસે ભગવાન હોય કે ન હોય માણસને કશો ફરક પડવાનો નથી. જે દિવસે માણસને રૂંવે રૂંવે માનવતા ફૂટી નીકળશે તે દિવસે સમગ્ર પૃથ્વી પર ભગવાનની કોઈને ખોટ નહીં ચાલે. એમ સમજો કે ભંગોરને ભાવે સોનુ મળવા લાગશે તે દિવસે સોના માટે લોકો મોંઘા લોકર નહીં રાખે. પછી ગરીબોના વાડામાં પણ ચાર પાંચ કિલો સોનુ અમસ્તું પડ્યું રહેશે. તાત્પર્ય એટલું જ કે માનવી પૂરી માનવતાથી જીવશે તો થશે એવું કે સમગ્ર ધરતી પર માનવતાના અખંડ દીવડા જલતા રહેશે. તે દિવસે માણસ જાત ઈશ્વરની ખૂબ નજીક હશે. આજે તો દુનિયાની દશા શિક્ષક વિનાના ક્લાસરૂમ જેવી છે. જ્યાં શોરબકોર, ચીસાચીસા અને ઘાંઘલ મચી ગઈ છે. બધું એ રીતે ઉથલ પાથલ થઈ રહ્યું છે કે કોઈને ય પ્રશ્ન થયા વિના ન રહે "માસ્તર છે કે નહીં..??"

રેશનાલિસ્ટોએ નક્કી કરવું જોઈએ કે તેઓ આખરે શું ઈચ્છે છે? અર્થાત્ તેમને કેવા અભિગમમાં રેશનાલિઝમનું કલ્યાણ દેખાય છે? - તેજાબી કહી શકાય એવા સુચારૂ નાસ્તિકવાદમાં કે વ્યવહારુ બુદ્ધિવાદમાં?

ધૂપછાંવ

તાત્પર્ય એટલું જ કે ધરતી પર માનવી પૂરી માનવતાથી જીવશે તો થશે એવું કે સમગ્ર ધરતી પર માનવતાના અખંડ દીવડા જલતા રહેશે. તે દિવસે માણસ જાત ઈશ્વરની ખૂબ નજીક હશે. આજે તો દુનિયાની દશા શિક્ષક વિનાના ક્લાસરૂમ જેવી છે. જ્યાં શોરબકોર, ચીસાચીસ અને ઘાંઘલ મચી ગઈ છે. બધું એ રીતે ઉથલ પાથલ થઈ રહ્યું છે કે કોઈને ય પ્રશ્ન થયા વિના ન રહે - "માસ્તર છે કે નહીં..??"